# યહી હૈ રોંગ ચોઈસ

## મોદી એક્ટ, કોંગ્રેસ રિએક્ટ

### સચિવાલયમાં સાયકલ સ્ટેન્ડ અંગે પૂછ્યું તો સલામતી જવાન હસવા લાગ્યો : તમારી વેબસાઈટ અપડેટ રાખજો નહીં તો ચીફ સેક્રેટરીને ખબર પડી જશે

**ટાઈમ લાઈન**
**- ગૌતમ પુરોહિત**

ભારત દેશની ૧૨૧ કરોડની જનતા અસહ્ના મોંઘવારીના ભાર નીચે દબાયેલી છે ત્યારે આ દેશની મુખ્ય બે પાર્ટીઓ આક્ષેપો અને -તિઆક્ષેપોના રાજકારણથી બહાર આવી શકતી નથી. મોદી જે બોલે તેનો કોંગ્રેસ જવાબ આપે છે. કોંગ્રેસ કંઇ નવું કરી શકતી નથી. ગુજરાતમાં છેલ્લા ૧૭ વર્ષથી સત્તા બહાર રહેલી કોંગ્રેસ પાસે રાજયના બહોળા સમુદાયને ખુશ કરવાનો એક મુદ્દો મળતો નથી. આ મુદ્દો નહી મળવાનું કારણ એવું છે કે કોંગ્રેસના નેતાઓ જનતાથી દૂર જતા રહ્નાં છે. કોઈપણ -કારના આંદોલનમાં હિસ્સો લેતા નથી. તેઓનો લોકસંપર્ક તૂટી ગયો છે. એક કોંગ્રેસી નેતાના શબ્દો છે કે-"સ્થાનિક સ્વરાજયની સંસ્થાની કોઇ ચૂંટણીમાં ભાજપનો ઉમેદવાર બિનહરીફ થાય તે દશા જ કોંગ્રેસ માટે અત્યંત શરમજનક છે". છેલ્લા ૧૫ વર્ષમાં અપવાદરૂપ કેટલાક કિસ્સાને બાદ કરતાં એવું નથી બન્યું કે કોંગ્રેસે કોઇ એકશન લીધું હોય અને ભાજપે તેનું રિએકશન આપ્યું હોય...આથી જ હવે સચિવાલયમાં એક જ સૂત્ર પંકાઇ ચૂક્યું છે કે -"મોદી એક્ટ, કોંગ્રેસ રિએક્ટ...." મોદી જયારે એકશનમાં આવે છે ત્યારે કોંગ્રેસ રિએકશન આપે છે..!! યહી હૈ રોંગ ચોઇસ....

**આવવાનો સમય ફિક્સ પણ છૂટવાનો નહી....**

ગુજરાત ભાજપમાં ખરેખર દિવાળી આવી છે. છ ધારાસભ્યોને બંગલા અને લાલ લાઇટવાળી ગાડીની ગિફ્ટ મળી. હવે શું... મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના કેબિનેટનો પરિવાર વિસ્તાર્યો અને નવા મંત્રીઓને વિભાગોની ફાળવણી કરી હાલના સાત મંત્રીઓની જવાબદારી ઓછી કરી દીધી છે. સચિવાલયની પણ અજીબ તસવીર બની છે. પહેલાં સવારે ૧૦.૩૦ વાગ્યે શરૂ થતી નોકરી સાંજે ૬.૧૫ કલાકે પૂર્ણ થતી હતી પરંતુ ૨૦૦૨?? સરકારી ઓફિસરો અને કર્મચારીઓની નોકરી સવારે ૧૦.૩૦ કલાકે શરૂ તો થાય છે પણ ઓફિસમાં રાત્રે કેટલા વાગે તે નક્કી નથી. સચિવાલયમાં ઘણીવાર મોડી સાંજે સાત વાગ્યા થી રાત્રે નવ વાગ્યા સુધી પણ ઓફિસ કાર્યરત જોવા મળતી હોય છે...

**ઓફિસનું કામ ઓફિસમાં... CSનો નિયમ...!!**

માનવામાં આવે છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રોજના ૧૮ કલાક કામ કરે છે પણ હવે એવું કહેવાય છે કે કેબિનેટના સભ્યો અને સેક્રેટરીઓ ૧૦ થી ૧૨ કલાક કામ કરે છે. રાજયના મુખ્યસચિવની એક ખાસિયત છે કે કામનું ભારણ તેઓ કદી ઘરે લઇ જતા નથી. જેટલું વહીવટી કામ હોય તે ઓફિસમાં પૂર્ણ કરે છે. તેમના ટેબલ ઉપર ક્યારેય ફાઇલનો ઢગલો જોવા મળતો નથી. આવા જ એક સેક્રેટરી હતા કે.સી.કપૂર કે જેમની ઓફિસના ટેબલ ઉપર આપણને એકપણ ફાઇલ જોવા ન મળે..!!! તેઓ આજની ફાઇલ કાલ ઉપર ક્યારેય રાખતા ન હતા. તેઓ -ત્યેક મુલાકાતીને સંતોષજનક જવાબ આપતા હતા. વહીવટમાં હતા ત્યારે તેમણે ફાઇલમાં ક્વેરી ખૂબ ઓછી કાઢી છે. સચિવાલયમાં આવા ઓફિસરો પાસેથી શિખવા જેવું ઘણું છે...

**૬૦ વટાવી ચૂકેલા સભ્યો ૧૧૯ થવા જાય છે...**

યુવા ગુજરાતની કલ્પના કરવામાં આવે છે ત્યારે યુવા સંસદસભ્યો અને યુવા ધારાસભ્યો પણ હોવા જરૂરી છે. રાજકારણમાં યુવાનોની બોલબાલા છે. યુપીએ સરકારમાં જેમ યુવા મંત્રીઓ છે તેમ મોદી સરકારમાં પણ હવે યુવા સભ્યોની સંખ્યા વધતી જાય છે. જાણીને નવાઇ લાગશે કે વિધાનસભાના ૧૮૨ પૈકી ૪૦ સભ્યો એવાં છે કે જેમની ઉંમર ૪૦ વર્ષ કે તેથી ઓછી વયની છે. ગુજરાતના યુવા રાજકારણમાં આ સંખ્યા ઘણી ઓછી કહી શકાય તેમ છે. ૪૦ થી ૬૦ વર્ષની વય ધરાવતા સભ્યોની સંખ્યા ૧૧૯ છે. વિધાનસભામાં ૬૦

● અનુસંધાન પાન-૭ પર



દિપમાળા - ગાંધીનગર સ્થિત વિશ્વ પ્રસિદ્ધ અક્ષરધામ દિપોત્સવના પર્વ નિમિત્તે નયનરમ્ય દિપમાળા રચે છે... ૧૧ હજારથી વધુ દિવડા પ્રગટાવી પ્રકાશનો સંદેશ આપવાનો ભગીરથ પ્રયાસ થાય છે... પરંપરા મુજબ અક્ષરધામના ભાવિકો દ્વારા માત્ર ૨૦ મિનિટમાં પારંપારિક માટીના દિવડામાં તેલ પુરી લાંબી દિવેટ બનાવી દિવડાઓ પ્રગટાવે છે... જે મોડીરાત સુધી ઝળહળે છે... અક્ષરધામના પ્રાંગણમાં રચાતી આ દિપમાળાના દર્શન માટે હજારો ભાવિકો ઉમટે છે... અંધકારથી ઉજાસ તરફ લઈ જવાનો સંદેશ આપતું દિપાવલી પર્વની અનોખી ઉજવણી અક્ષરધામના આંગણમાં થાય છે... તમસોમા જ્યોર્તિય ગમય... વેદમંત્રની સાક્ષાત અનુભૂતિ એટલે અક્ષરધામની દિપમાળા.....

(તસવીર સૌજન્ય : આલોક બ્રહ્મભટ્ટ)

## ગાંધીનગરમાં દિવાળીએ દિપડો દેખાયો

### સે. ૨૫ જી.આઈ.ડી.સી. ના આંતરિક માર્ગ પર : દિપડાને રોડ ક્રોસ કરતો જોઈ ઉદ્યોગપતિની કારના પૈડા થંભી ગયા ! : સવારે દિપડો દેખાયો હોવાની વાત ધ્યાને આવતા પોલીસ અને વન વિભાગે તપાસ હાથ ધરી !

ગાંધીનગર, તા. ૧

સે. ૨૫ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આજે સવારના સમયે અચાનક દિપડાએ દેખા દેતા સ્થાનિક વિસ્તારમાં ફફડાટ પ્રવર્ત્યો છે.જી.આઈ.ડી.સી.માં દિપડાને રોડ ક્રોસ કરતા જોઈ એક ઉદ્યોગપતિની કારના પૈડા થંભી ગયા હતા ! દિપડા અને માર્ગ પર રોડની કાર વચ્ચે માત્ર સાત થી આઠ ફૂટનું અંતર જ રહી ગયું હતું. આંતરિક માર્ગ પર જંગલ વિસ્તારમાં ઘુસેલા દિપડા અંગે સ્થાનિક પોલીસ તેમજ વન વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. દિવાળીના દિવસોમાં દિપડાએ શહેરમાં લટાર મારી હોવાની વાતથી નાગરિકોમાં પણ આશ્ચર્યની લાગણી પ્રવર્તી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે કલોલના એક ઉદ્યોગપતિની કાર સે. ૨૫ ડી.આઈ.ડી.સી. વિસ્તારના આંતરિક માર્ગ પરથી પસાર થઈ રહી હતી. તેવા સમયે ૧૦ વાગ્યાના અરસામાં માર્ગ વચાળેથી દિપડો પસાર થતો જોઈ કારચાલક પ્રકાશભાઈના હોંશકોરા ઉડી ગયા હતા. માર્ગ ઓળંગીને જતા દિપડાને માત્ર સાત થી આઠ ફૂટ દૂરના અંતરે જોઈ ડઘાઈ ગયેલા કારચાલકે પોતાની કારના પૈડા થંભાવી દીધા હતા. જયારે પળવારમાંજ દિપડો નજીકના જંગલ વિસ્તારમાં ભાગી જતા તેમણે આસપાસ કામ કરતા મજૂરો તેમજ સિક્યુરીટી ગાર્ડને સતર્ક રહેવા જાણ કરી હતી. બીજી તરફ આ મામલે પોલીસને તેમજ વનવિભાગને પણ જાણ કરાતા પેથાપુર પોલીસે સ્થળ પર જઈ પેટ્રોલીંગ હાથ ધરી યોગ્ય તપાસ કરી હતી. પરંતુ દિપડાના કોઈ સગડ મળ્યા ન હતા. દિવાળી ટાણે શહેરી વિસ્તારની હદમાં દિપડો આંટા મારતો હોવાની વાત પ્રકાશમાં આવતા સ્થાનિક રહીશોમાં પણ ફફડાટ પ્રવર્ત્યો છે.

## દિવાળીમાં મીઠાઈના બદલે ચોકલેટની ધૂમ

### અનેક પ્રકારના સેલીબ્રેશન પેકેટ ઉપલબ્ધ બન્યા : આકર્ષક પેકેટ ખરીદવા માટે સામાન્ય લોકોની પણ પડાપડી શરૂ



અમદાવાદ, તા.૧

દિવાળીના તહેવારને ધ્યાનમાં લઈ બજારમાં ભીડ ધીમે ધીમે દેખાવા લાગી છે. પરંતુ આ વર્ષે દિવાળીના મહાપર્વમાં મીઠાઈના સ્થાને અવનવી વેરાઈટીઓમાં ચોકલેટનો ક્રેજ વધારે જોવા મળી રહ્યો છે. બજારમાં અનેક પ્રકારના સેલીબ્રેશન પેકેટ ઉપલબ્ધ છે જેને ખરીદવા લોકોની લાઈનો લાગી રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ દિવાળીના મહાપર્વની શાન એટલે મીઠાઈ. પરંતુ મોંઘવારીના કારણે મીઠાઈના ભાવ આસમાને છે. વળઈ તેમાં ઘણી અશુદ્ધીઓ પણ હોય છે. તો બીજી તરફ ભાવ પણ આસમાને છે ત્યારે ચાલુ વર્ષે નવા વર્ષના વધઆમણા મટો મોઢુ મીઠું કરાવવા માટે મીઠાઈ કે ડ્રાયફ્રુડના સ્થાને ચોકલેટનું વેચાણ વધ્યુ છે. તેમાય ખાસ કરીને મધ્યમવર્ગના લોકો ચોકલેટની ખરીદીને પ્રાથમિકતા આપે છે. બજારમાં પણ ચોકલેટની અનેક વેરાઈટીઝ ઉપલબ્ધ છે. જેમાં અત્યારે સૌથી વધુ હોમ મેઈડ ચોકલેટનું ચલણ જોવા મળી રહ્યુ છે.

દર વર્ષે દિવાલીના પર્વે લોકોના મુડ મુજબ ખરીદીમાં પરિવર્તન આવતુ જોવા મળે છે. પરંતુ કારમી મોઘવારીમાં ચોકલેટ અને ડ્રાયફ્રુડના આસમાને આંબતા ભાવો વચ્ચે હોમમેઈડ ચોકલેટ લોકપ્રિય બનાવા લાગી છે. જેમાં અસલ પાનનો ટેસ્ટ આવતી પાન ચોકલેટ, સ્ટ્રોબેરી-લીચી જેવા ફ્રુટની સોફ્ટ ફિલીંગ કરેલી ફ્રુટ ફ્લેવરની ચોકલેટ, કાજુ-બદામ-કિસમીસ વગેરે વાળી ડ્રાયફ્રુટ ચોકલેટ, બાળકો માટે ચોકલેટ કોન, કાજુ કેન્ડી તથા ચોકલેટ બુકે વગેરેની આ તહેવારમાં વધારે ડિમાન્ડ છે.

બજારમાં અત્યારે કેડબરી, નેસ્લે, અમૂલ, ચોકો સ્વીસ, ચોકોપાઈ, ફેરેરો વગેરે કંપનીના રૂપિયા ૫૦થી લઈ ૧૫૦૦ સુધીના અવનવા સેલિબ્રેશન પેકેટ મળે છે. જેમાં દિપકો અને રોસનીના ચિત્રો સાથે અલગ-અલગ પ્રકારની ચોકલેટ હોય છે. આ ઉપરાંત હલ્દીરામ, બિકાજી જેવી કંપનીઓના નમકીન - હલવો સોનપાપડી, કોમ્બિનેશન સાથેના પણ ગિફ્ટ પેકેટ મળે છે.





LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧







રક્તદાન - મહાદાન
નેત્રદાન - શ્રેષ્ઠદાન

મળશે નહીં
ડો. યશવંત બી. છાટબાર
કાન-નાક-ગળાના સર્જન
તા. ૨/૧૧/૧૩થી ૧૦/૧૧/૧૩ સુધી મળી શકશે નહીં
સેક્ટર-૧૭, ગાંધીનગર




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com